For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in


અકોટા સંજયનગર


વૃક્ષ ધરાશાયી


'અકોટાથી મનીષા ચોકડી'

શહેરમાં બુધવાર રાત્રિથી ગુરુવાર દિવસ દરમિયાન અવિરત વરસાદ ખાબકતાં જનજીવન અસ્તવ્યસ્ત બન્યું છે. નિચાણવાળા વિસ્તારોમાં ભારે પાણી ભરાતાં લોકોના ઘરોમાં પાણી ઘૂસી ગયા હતા, જેના કારણે ઘરવખરીના સામાનને મોટું નુકસાન પહોંચ્યું છે. શહેરમાં સાર્વત્રિક જળબંબાકારની સ્થિતિ વચ્ચે કેટલાંક સ્થળે વૃક્ષો ધરાશાયી થયા છે તો કેટલાક માર્ગો ધોવાઈ જતાં વાહનચાલકો હેરાન-પરેશાન થઈ ગયા હતા. તંત્ર દ્વારા રાહત-બચાવ કામગીરી હાથ ધરવામાં આવી છે. (તસવીર : રણજીત સૂર્વે)

# વડોદરા પર મેઘરાજા રીઝયા, ૩ ઈંચ વરસાદ

**'રેડ એલર્ટ'ની** જાહેરાત કરવામાં આવતાં વડોદરા જિલ્લા કલેક્ટર કચેરી ખાતે ડિઝાસ્ટર કંટ્રોલરૂમ કાર્યરત

**એન.ડી.આર.એફ.,** એસ.ડી. આર.એફ. તથા ફાયર બ્રિગેડની ટીમોને સ્ટેન્ડબાય રાખવામાં આવી

**ચાર દરવાજા** વિસ્તાર જળબંબાકાર, દુકાનોમાં પાણી ઘૂસતા વેપારીઓએ પોતાનો સામાન ખસેડી લીધો

**તાંદલજા,** સુભાનપુરા, અલકાપુરી, નાથીબા ગાર્ડન, કારેલીબાગ, કોતર તલાવડી, મકરપુરા અને સયાજીબાગ સહિત ૧૧ વૃક્ષો ધરાશાયી થયા

## **વડોદરા** જિલ્લામાં મેઘરાજાની ધમાકેદાર બેટિંગ, પાદરામાં ૯૪ અને ડભોઈમાં ૮૮ મિ.મી. વરસાદ ખાબક્યો

**હેલ્પલાઈન નં. : 18002330265**
**વોટ્સએપ નં. : 99131 66666**

(પ્રતિનિધિ) વડોદરા. તા.૨૩

જિલ્લા કંટ્રોલ રૂમ દ્વારા જાહેર કરવામાં આવેલા તાજેતરના અહેવાલ મુજબ, વડોદરા જિલ્લામાં મેઘરાજાએ સાર્વત્રિક અને જબરદસ્ત બેટિંગ કરી છે. ખાસ કરીને પાદરા અને ડભોઈ તાલુકામાં નોંધપાત્ર ભારે વરસાદ વરસ્યો છે, જેના કારણે સમગ્ર જિલ્લાની સિઝનલ સરેરાશમાં મોટો વધારો નોંધાયો છે.

જિલ્લામાં ગત ૨૪ કલાક દરમિયાન સરેરાશ ૫૫.૭૫ મિ.મી. વરસાદ નોંધાયો હતો, જેને કારણે મોસમનો કુલ સરેરાશ વરસાદ વધીને ૨૪૫.૨૫ મિ.મી. સુધી પહોંચી ગયો છે. કંટ્રોલ રૂમના આંકડા પ્રમાણે, પાદરા તાલુકામાં સૌથી વધુ ૯૪ મિ.મી. વરસાદ પડ્યો છે, જેથી ત્યાં સિઝનનો કુલ વરસાદ ૨૭૫ મિ.મી. થયો છે. તે જ પ્રમાણે, ડભોઈ તાલુકામાં પણ ૮૮ મિ.મી. વરસાદ વરસવાથી કુલ વરસાદ ૨૯૩ મિ.મી. નોંધાયો છે. આ વિસ્તારોમાં બપોરના ૧૦ થી ૨ અને સાંજે ૪ થી ૬ વાગ્યા દરમિયાન વરસાદનું જોર વિશેષ જોવા મળ્યું હતું. શહેર અને અન્ય તાલુકાઓની વાત કરીએ તો, વડોદરા તાલુકામાં ૭૮ મિ.મી. (કુલ ૨૫૭ મિ.મી.) વરસાદ નોંધાયો છે, જ્યાં સાંજે ૪ થી ૬ દરમિયાન એક જ કલાકમાં ૩૦ મિ.મી. જેટલું પાણી વરસતા રસ્તાઓ પર પાણી ભરાયા હતા. કારજણ અને સિનોર તાલુકામાં પણ ૭૩-૭૩ મિ.મી. વરસાદ નોંધાયો છે, જેમાં સિનોરનો કુલ મોસમનો વરસાદ ૪૦૫ મિ.મી. પર પહોંચી ગયો છે જે સમગ્ર જિલ્લામાં સૌથી વધુ છે.



## આજવા સરોવર અને વિશ્વામિત્રી નદીમાં નવા નીરની આવક

વડોદરા જિલ્લામાં છેલ્લા બે દિવસથી વરસી રહેલા વરસાદે શહેર અને ગ્રામ્ય વિસ્તારોમાં રાહતનો માહોલ સર્જ્યો છે. વરસાદના કારણે આજવા સરોવરમાં નવા પાણીની આવક શરૂ થતાં પીવાના પાણી અંગેની ચિંતા હળવી બની છે. સિંચાઈ વિભાગના જણાવ્યા મુજબ છેલ્લા ત્રણ કલાકમાં સરોવરની સપાટી 207.85 ફૂટથી વધીને 207.88 ફૂટ થઈ છે. સાથે જ વિશ્વામિત્રી નદીનું જળસ્તર પણ 5.25 ફૂટથી વધીને 5.77 ફૂટ નોંધાયું છે. વરસાદથી ભૂગર્ભ જળસ્તરમાં સુધારો થવાની આશા વ્યક્ત કરવામાં આવી રહી છે. વરસાદના અભાવે ચિંતિત ખેડૂતોમાં પણ ખુશીનો માહોલ છે, કારણ કે પાકને નવું જીવનદાન મળ્યું છે. હવામાન વિભાગે આગામી દિવસોમાં પણ મધ્યમથી ભારે વરસાદની આગાહી કરી છે.

**જળ સપાટી** રાત્રે 8 વાગ્યા સુધીના આંકડા ફૂટમાં

| આજવા | પ્રતાપપુરા | અકોટા | કાલાઘોડા | આસોજ | મંગલ પાંડે | મુજમહુડા | સમા -હરણી | વડસર |
|---|---|---|---|---|---|---|---|---|
| 207.98 | 222.23 | 11.03 | 8.20 | 0.07 | 6.68 | 9.23 | 5.84 | 7.53 |

## વડોદરા પાલિકા એલર્ટ
### કમિશનરે કરી તૈયારીઓની સમીક્ષા



વડોદરામાં સતત વરસાદને પગલે મ્યુનિસિપલ કમિશનર અરુણ મહેશબાબુએ કાલાઘોડા ખાતે વિશ્વામિત્રી નદીની મુલાકાત લઈ પૂરની સ્થિતિની સમીક્ષા કરી. તમામ વોર્ડ અને ઝોનલ કચેરીઓને એલર્ટ પર રાખી ક્વિક રિસ્પોન્સ ટીમ (QRT) સક્રિય કરાઈ છે. ફાયર વિભાગ સંવેદનશીલ વિસ્તારોમાં પેટ્રોલિંગ કરી રહ્યો છે. સાથે જ વૃક્ષોની ડાળીઓનું ટ્રિમિંગ, નાઇટ શેલ્ટરોની વ્યવસ્થા, જોખમી 1,100 મકાનોને નોટિસ અને 1,100 હોર્ડિંગ્સ દૂર કરવાની કામગીરી હાથ ધરાઈ છે.

## ઘડિયાળી પોળમાં જર્જરિત મકાનની દીવાલ ધરાશાયી



ઘડિયાળી પોળમાં બુધવારે મોડી રાત્રે જર્જરીત મકાનની દીવાલ ધરાશાયી થતાં મોટી દુર્ઘટના ટળી હતી. કોઈ જાનહાનિ થઈ નથી, પરંતુ કાટમાળ નીચે આવેલી 'રાજા વીર સાડી સેન્ટર' દુકાનને ભારે નુકસાન થયું છે. ધડાકાના અવાજથી સ્થાનિકો દોડી આવ્યા હતા અને થોડા સમય માટે માર્ગ અવરજવર પ્રભાવિત થઈ હતી. સ્થાનિકોના જણાવ્યા મુજબ મકાન અગાઉ પણ જોખમી બન્યું હતું, છતાં તંત્રે અસરકારક કાર્યવાહી કરી નહોતી. ચોમાસામાં કોટ વિસ્તારના જર્જરીત મકાનોને લઈને સ્થાનિકોએ તાત્કાલિક સર્વે અને જોખમી બાંધકામો સામે કડક કાર્યવાહી કરવાની માંગ કરી છે.

**પ્રથમ વરસાદમાં જ ખુલ્યા પ્રિ-મોન્સૂન કામગીરીના દાવા**

## દશાલાડ ભવન પાસે વિશાળ ભૂવો પડતાં લોકોમાં રોષ

**ભૂવા** ફરતે બેરિકેડ ગોઠવી સુરક્ષા વ્યવસ્થા કરાઈ



(પ્રતિનિધિ) વડોદરા તા.23

વડોદરા શહેરમાં ચોમાસાની શરૂઆત સાથે જ મહાનગરપાલિકાની પ્રિ-મોન્સૂન કામગીરીના દાવાઓ પર પ્રશ્નો ઊભા થયા છે. આજવા રોડથી વાઘોડિયા રોડ જતાં દશાલાડ ભવન નજીક મુખ્ય માર્ગ પર વિશાળ ભૂવો પડતાં વાહનચાલકો માટે જોખમી સ્થિતિ સર્જાઈ છે. માર્ગ પર અનેક ઊંડા ખાડાઓ હોવાથી વરસાદી પાણી ભરાતા તેમની ઊંડાઈનો અંદાજ આવતો નથી, જેના કારણે ખાસ કરીને દ્વિચક્રી વાહનચાલકો અકસ્માતનો ભોગ બની રહ્યા છે.

પાલિકા દ્વારા હાલ માત્ર ભૂવા ફરતે બેરિકેડ ગોઠવી સુરક્ષા વ્યવસ્થા કરવામાં આવી છે, પરંતુ સ્થાનિકોમાં આ કાર્યવાહી સામે ભારે અસંતોષ જોવા મળી રહ્યો છે. સ્થાનિકોના જણાવ્યા મુજબ દર વર્ષે પ્રિ-મોન્સૂન કામગીરી પાછળ લાખો રૂપિયાનો ખર્ચ થાય છે, છતાં પ્રથમ વરસાદમાં જ રસ્તાઓ બિસ્માર બની જાય છે. ખાડાઓને કારણે વાહનોને નુકસાન થવાની સાથે મુસાફરોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. સ્થાનિકોએ તાત્કાલિક અને ટકાઉ સમારકામ કરી સંભવિત દુર્ઘટનાઓ અટકાવવા પાલિકા પાસે માંગ ઉઠાવી છે.

**વિદ્યાર્થીઓની સુરક્ષાને પ્રાથમિકતા**

## અતિભારે વરસાદની આગાહીને પગલે વડોદરા જિલ્લામાં આજે તમામ શૈક્ષણિક સંસ્થાઓ બંધ

**આદેશનો** ભંગ કરનાર સામે ભારતીય ન્યાય સંહિતા મુજબ કાયદેસરની કાર્યવાહી થશે

(પ્રતિનિધિ) વડોદરા,તા.૨૩

ભારતીય હવામાન વિભાગ દ્વારા તા.૨૩/૦૭/૨૦૨૬ થી તા. ૨૫/૦૭/૨૦૨૬ દરમિયાન વડોદરા જિલ્લા સહિત સમગ્ર ગુજરાતમાં અતિભારે વરસાદની આગાહી જાહેર કરવામાં આવી છે. આ ભારે વરસાદના પગલે કોઈ અનિચ્છનિય બનાવ ન બને અને વિદ્યાર્થીઓની સુરક્ષા જળવાઈ રહે તે હેતુથી વડોદરા જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી અનિલ ધામેલીયા દ્વારા ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ અન્વયે એક મહત્ત્વપૂર્ણ આદેશ બહાર પાડવામાં આવ્યો છે.

આ જાહેરનામા મુજબ આજે તા.૨૪/૦૭/૨૦૨૬,શુક્રવારના રોજ વડોદરા જિલ્લાના તમામ તાલુકાઓ તથા શહેરી વિસ્તારોમાં આવેલી તમામ આંગણવાડીઓ, પ્રાથમિક શાળાઓ, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ, ITI તેમજ કોલેજોમાં શૈક્ષણિક કાર્ય સંપૂર્ણપણે બંધ રાખવાનું ફરમાન કરવામાં આવ્યું છે. જિલ્લા વહીવટી તંત્ર દ્વારા સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે, આ આદેશનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર વ્યક્તિ સામે ભારતીય ન્યાય સંહિતાની કલમ-૨૨૩ મુજબ કાનૂની શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવશે. વડોદરા જિલ્લાના તમામ નાગરિકો, વાલીઓ અને વિદ્યાર્થીઓને આ નોંધ લેવા જાહેરનામા મારફત જણાવાયું છે.

**વડોદરા સ્ટેશન પર મુસાફરોની ભારે ભીડ**

## દક્ષિણ ગુજરાતમાં ધોધમાર વરસાદથી રેલવે વ્યવહાર ખોરવાયો, ૨૪ ટ્રેનો રદ

**રેલવેની** હેલ્પ ડેસ્ક કાર્યરત, મુસાફરોને હેલ્પલાઈન 139 પર સંપર્ક કરવાની અપીલ



(પ્રતિનિધિ) વડોદરા, તા. 23

દક્ષિણ ગુજરાતમાં છેલ્લા 24 કલાકથી વરસી રહેલા ભારે વરસાદની અસર પશ્ચિમ રેલવેના સંચાલન પર પડી છે. દહાણુ-વાલસાડ વચ્ચે કેટલાક પુલ પર પાણીની સપાટી જોખમી સ્તરે પહોંચતા સલામતીના ભાગરૂપે ટ્રેન અવરજવર અસ્થાયી રીતે અટકાવવામાં આવી હતી. પરિણામે વડોદરા ડિવિઝનમાંથી પસાર થતી કુલ 24 ટ્રેનો રદ કરવામાં આવી છે, જેમાં 6 મેમુ અને પેસેન્જર ટ્રેનોનો સમાવેશ થાય છે, જ્યારે 14 ટ્રેનોને શોર્ટ ટર્મિનેટ કરવામાં આવી છે.

ટ્રેનો રદ અને વિલંબ થતાં વડોદરા રેલવે સ્ટેશન પર મુસાફરોની ભારે ભીડ જોવા મળી રહી છે. મહિલાઓ, વૃદ્ધો અને બાળકો સાથેના મુસાફરોને વધુ મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. મુસાફરોએ સમયસર માહિતી અને વૈકલ્પિક વ્યવસ્થાના અભાવ અંગે રોષ વ્યક્ત કર્યો હતો. પશ્ચિમ રેલવે દ્વારા મુંબઈ, વડોદરા અને અમદાવાદ સહિતના મુખ્ય સ્ટેશનો પર હેલ્પ ડેસ્ક શરૂ કરવામાં આવ્યા છે. મુસાફરોને ચા, નાસ્તો અને પીવાનું પાણી આપવામાં આવી રહ્યું છે.


લહેરીપુરા દરવાજા


રાવપુરા


જ્યુબિલીબાગ પાછળ


બિલગામ ભૂવો પડ્યો

**VIP રોડ પર આવેલી હોટલમાં પથિક સોફ્ટવેર વગર ચાલતી હોટલ, સંચાલક સામે ગુનો દાખલ**

## સયાજીગંજની હોટલમાં આતંકવાદી રોકાયો હોવાની માહિતી બાદ એસઓજી એક્શનમાં

**અચાનક** ચેકિંગમાં ભાંડો ફુટયો, ઓનલાઈન ગેસ્ટ એન્ટ્રી નહીં, CCTVનું ત્રણ મહિનાનું બેકઅપ પણ ગાયબ

(પ્રતિનિધિ) વડોદરા તા.23

વડોદરા શહેરમાં આતંકવાદ ગુનાખોરી અને શંકાસ્પદ હિલચાલ પર નજર રાખવા માટે હોટલોમાં પથિક સોફ્ટવેર ફરજિયાત બનાવવામાં આવ્યું છે. છતાં VIP રોડ પર આવેલી હોટલમાં આ નિયમોની ખુલ્લેઆમ અવગણના થતાં એસઓજીની ટીમે દરોડા પાડી તપાસ કરતા ભાંડો ફોડી નાખ્યો હતો. હોટલમાં પથિક સોફ્ટવેર જ ઈન્સ્ટોલ ન હતું, ગ્રાહકોની ઓનલાઈન નોંધણી કરવામાં આવતી ન હતી અને CCTVનું ફરજિયાત ત્રણ મહિનાનું બેકઅપ પણ ઉપલબ્ધ ન મળતાં મેનેજર સંચાલક સામે ગુનો નોંધવામાં આવ્યો છે.

વડોદરા શહેર પોલીસ કમિશનરના આદેશ અનુસાર શહેરની હોટલો, લોજ, ધર્મશાળાઓ અને બોર્ડિંગ હાઉસમાં સુરક્ષા વ્યવસ્થાની ચકાસણી માટે એસઓજી દ્વારા વિશેષ ડ્રાઈવ હાથ ધરવામાં આવી રહી છે. આ અભિયાન દરમિયાન VIP રોડ પર એરપોર્ટ સર્કલ નજીક આવેલી હોટલ સ્ટેલરમાં તપાસ કરવામાં આવી હતી.

તપાસ દરમિયાન હોટલના મેનેજર જીતુ દિલીપકુમાર નવલાણી પાસે પથિક સોફ્ટવેર અંગે પૂછપરછ કરવામાં આવતા તેમણે સોફ્ટવેર માટે જરૂરી યુઝર આઈડી અને પાસવર્ડ મેળવ્યા ન હોવાનું તેમજ પથિક સોફ્ટવેર શરૂ કરવા માટે કોઈ કાર્યવાહી કરવામાં આવી ન હોવાનું સ્વીકાર્યું હતું. વધુ તપાસમાં હોટલમાં આવતા મહેમાનોની ઓનલાઈન નોંધણી પથિક સોફ્ટવેરમાં કરવામાં આવતી ન હોવાનું અને માત્ર કોમ્પ્યુટરમાં માહિતી સંગ્રહિત કરવામાં આવતી હોવાનું સામે આવ્યું હતું.

એસઓજીની ટીમે હોટલમાં લગાવવામાં આવેલા CCTV કેમેરાની પણ તપાસ કરી હતી. જેમાં પોલીસ કમિશનરના જાહેરનામા મુજબ ફરજિયાત રાખવાનું છેલ્લા ત્રણ મહિનાનું CCTV ફૂટેજનું બેકઅપ ઉપલબ્ધ ન હોવાનું જાણવા મળ્યું હતું.

આ તમામ બાબતો પોલીસ કમિશનરના જાહેરનામાનો સ્પષ્ટ ભંગ હોવાનું જણાતા એસઓજી પોલીસે હોટલના મેનેજર સામે ગુનો નોંધી વધુ તપાસ શરૂ કરી છે. પોલીસે શહેરની તમામ હોટલ સંચાલકોને પથિક સોફ્ટવેરમાં મહેમાનોની ફરજિયાત ઓનલાઈન એન્ટ્રી કરવા અને CCTVનો નિયમિત બેકઅપ જાળવી રાખવા પણ સૂચના આપી છે.

## મનપાના પદાધિકારીઓએ કંટ્રોલ રૂમમાંથી નીચાણવાળા વિસ્તારોનું મોનિટરિંગ કર્યું

**ડીવોટરિંગ** પંપ, ઇમરજન્સી ટીમો અને શેલ્ટર હોમ્સ તૈયાર; અફવાઓથી દૂર રહેવા અપીલ

(પ્રતિનિધિ) વડોદરા, તા. 23

હવામાન વિભાગ દ્વારા વડોદરા શહેર અને જિલ્લામાં ભારેથી અતિભારે વરસાદની આગાહી કરવામાં આવતા વડોદરા મહાનગરપાલિકાનું તંત્ર સંપૂર્ણ હાઈ એલર્ટ પર મુકાયું છે. વરસાદી પરિસ્થિતિમાં નાગરિકોને કોઈ મુશ્કેલી ન પડે અને સંભવિત આપત્તિનો ઝડપથી સામનો કરી શકાય તે માટે મેયર ગીતાબેન મકવાણા, ડેપ્યુટી મેયર આદિત્ય પટેલ અને સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન વર્ષાબેન વ્યાસે બદામડી બાગ સ્થિત IITC કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટરની મુલાકાત લઈને સ્થિતિની સમીક્ષા કરી હતી.

પદાધિકારીઓએ સીસીટીવી નેટવર્ક મારફતે નીચાણવાળા વિસ્તારો, મુખ્ય માર્ગો, રોડ-રેલવે ગરનાળા અને વિશ્વામિત્રી નદીના કાંઠાની સ્થિતિનું નિરીક્ષણ કર્યું હતું. અધિકારીઓને પાણી ભરાવાની શક્યતા ધરાવતા વિસ્તારો પર સતત નજર રાખવા અને તાત્કાલિક કાર્યવાહી માટે સૂચનાઓ આપવામાં આવી હતી.

પાલિકાએ શહેરમાં ડીવોટરિંગ પંપ, ડ્રેનેજ અને ઈમરજન્સી ટીમોને 24 કલાક સ્ટેન્ડબાય પર રાખી છે. અગાઉ પાણી ભરાતા વિસ્તારોમાં જરૂરી મશીનરી અને માનવબળ તૈનાત કરવામાં આવ્યું છે. ભારે વરસાદની સ્થિતિમાં નીચાણવાળા વિસ્તારોના રહેવાસીઓને સુરક્ષિત સ્થળે ખસેડવા માટે શેલ્ટર હોમ્સ પણ તૈયાર રાખવામાં આવ્યા છે.

મેયર ગીતાબેન મકવાણાએ જણાવ્યું કે હાલ શહેરની સ્થિતિ સંપૂર્ણ નિયંત્રણમાં છે. નાગરિકોએ અફવાઓથી દૂર રહી જરૂરિયાત સમયે પાલિકાના કન્ટ્રોલ રૂમ અથવા હેલ્પલાઈનનો સંપર્ક કરવા અપીલ કરવામાં આવી છે.

**ગ્રાન્ટ અને વહીવટી કાગળિયાની આંટીઘૂંટીમાં કર્મચારીઓ પીસાયા**

## ૪૬૧ વર્ગ-૪ કર્મચારીઓને જૂનનો પગાર નહીં મળતા આક્રોશ, ૪૮ કલાકમાં ચુકવણી નહીં થાય તો આંદોલન

**સફાઈ** અને સહાયક કામગીરીના બહિષ્કારની તંત્રને આખરી ચેતવણી

**કર્મચારી** મંડળનું આવેદનપત્ર, તંત્રે ટૂંક સમયમાં પગાર ચૂકવવાની આપી ખાતરી

(પ્રતિનિધિ) વડોદરા તા.23

વહીવટી તંત્રની ઘોર બેદરકારી અને આંતરિક મંજૂરીઓની ધીમી નીતિના કારણે ચોથા વર્ગના ૪૬૧ જેટલા પટાવાળા, સફાઈ કામદારો અને સિક્યુરિટી સ્ટાફ સહિતના કર્મચારીઓને જૂન મહિનાનો પગાર હજુ સુધી મળ્યો નથી. મોંઘવારીના વર્તમાન સમયમાં માત્ર માસિક વેતન પર જ નિર્ભર રહેતા આ નિમ્ન આવક ધરાવતા શ્રમયોગીઓ માટે ઘરનું રાશન, બાળકોની શાળાની ફી, ઘરભાડું અને દવા-બીમારીના ખર્ચ પૂરા કરવા અત્યંત વિકટ પરિસ્થિતિ સર્જાઈ છે.

દિન-રાત મહેનત કરીને વહીવટી વ્યવસ્થાને સુચારુ રાખતા વર્ગ-૪ ના કર્મચારીઓને સમયસર વેતન ન મળતાં કર્મચારી આલમમાં ઘેરા આક્રોશની લાગણી વ્યાપી ગઈ છે. સામાન્ય રીતે દર મહિનાની શરૂઆતમાં જમા થઈ જતો પગાર જુલાઈ અડધો પૂરો થવા આવ્યો છતાં ન મળતાં આ ગરીબ પરિવારો આર્થિક સંકટમાં મુકાયા છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, ગ્રાન્ટની ફાળવણીમાં વિલંબ અને પે-રોલ પોર્ટલ પર ડેટા એન્ટ્રી સંબંધિત ટેકનિકલ ખામીઓના કારણે આ પરિસ્થિતિ સર્જાઈ છે, જેના લીધે કર્મચારીઓને વ્યાજે નાણાં લેવા કે ઉધાર માંગવાની નોબત આવી છે.

આ ગંભીર મુદ્દાને લઈને વર્ગ-૪ કર્મચારી મંડળ દ્વારા વહીવટી વડા અને વિભાગીય અધિકારીઓને લેખિત આવેદનપત્ર પાઠવીને ત્વરિત ચૂકવણીની રજૂઆત કરવામાં આવી છે. મંડળે તંત્રને આખરી ઓપ આપતા સ્પષ્ટ ચેતવણી આપી છે કે જો આગામી ૪૮ કલાકની અંદર તમામ ૪૬૧ કર્મચારીઓના ખાતામાં જૂન મહિનાનો બાકી પગાર જમા કરવામાં નહીં આવે, તો તેઓ ગાંધીચિંધ્યા માર્ગે આંદોલન શરૂ કરશે અને સફાઈ તેમજ વહીવટી સહાયક કામગીરીનો બહિષ્કાર કરશે.

બીજી તરફ, વહીવટી તંત્રના અધિકારીઓએ ટેકનિકલ પ્રક્રિયા પૂર્ણ થઈ હોવાનું જણાવી ટૂંક સમયમાં જ ગ્રાન્ટ રિલીઝ કરી પગાર ચૂકવી દેવાની ખાતરી આપી છે. પરંતુ અગાઉ પણ આવી આશ્વાસનપૂર્વક વાતો સાંભળી ચૂકેલા કર્મચારીઓમાં ભારે અસંતોષ પ્રવર્તી રહ્યો છે.